ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચ માટે મહેકમ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એચઆરસી-૧૦૯૯-૧૪૦-ન,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૫-૮-૨૦૦૬

**વંચાણમાં લીધું :**

(૧) ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગરનું તા.૧૨-૭-૦૬નું જાહેરનામા ક્રમાંક:જીજી/૫૨/૨૦૦૬/એચઆરસી/૧૦૯૪/ભા.સ.૧/(પા.II)ન.

**ઠરાવ:**

આમુખમાં ક્રમાંક(૧) આગળ દર્શાવેલ જાહેરનામાથી ગુજરાત રાજયમાં, માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ -૧૯૯૩ની કલમ-૨૧થી મળેલ સત્તા અન્વયે આ અધિનિયમના પ્રકરણ-૫માં આપવામાં આવેલ સત્તાનો અને તે હેઠળ સોંપાયેલ કાર્યો બજાવવા માટે ગુજરાત રાજય માનવ અધિકાર પંચની રચના કરવામાં આવેલ છે. ગુજરાત રાજય માનવ અધિકાર પંચની કચેરી તેને કાયદાથી સોંપેલ કામગીરી બજાવી શકે તે હેતુથી નીચે મુજબનું મહેકમ મંજુર કરવા આથી સરકારશ્રી ઠરાવે છે :-

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | પગાર ધોરણ રૂ. | જગ્યા ભરવાની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩. | ૪ | ૫ |
| ૧. | ચેરપર્સન (રીટાયર્ડ ચીફ જસ્ટીસ) | ૦૧ | ૩૦,૦૦૦ ફીકસ પગાર વત્તા અન્ય મળવાપાત્ર સવલતો | |
| ૨. | સભ્ય (રીટાયર્ડ હાઈકોર્ટ જજ) | ૦૧ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૨/૯૬ તથા ત્યારબાદ ઠરાવની જોગવાઈઓ અનુસાર પેમાઈનસ પેન્શનની રીતે ચુકવણી કરવાની રહેશે. | |
| ૩. | સભ્ય (રીટાયર્ડ સેશન્સ જજ) | ૦૧ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૨/૯૬ તથા ત્યારબાદ ઠરાવની જોગવાઈઓ અનુસાર પેમાઈનસ પેન્શનની રીતે ચુકવણી કરવાની રહેશે. | |
| ૪. | સભ્ય (રીટાયર્ડ ડી.જી.પી.) | ૦૧ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૨/૯૬ તથા ત્યારબાદ ઠરાવની જોગવાઈઓ અનુસાર પેમાઈનસ પેન્શનની રીતે ચુકવણી કરવાની રહેશે. | |
| ૫. | સભ્ય (સામાજીક કાર્યકર) | ૦૧ | ૧૧,૦૦૦ નો ફીકસ પગાર | |
| ૬. | સચિવશ્રી | ૦૧ | ૧૮૪૦૦-૨૨૪૦૦ | સામાન્ય વહીવટ વિભાગ મારફતે નિમણૂક કરવાની રહેશે. |
| ૭. | નાયબ સચિવશ્રી | ૦૧ | ૧૨૦૦૦-૧૬૫૦૦ | સચિવાલયમાંથી પ્રતિનિયુકિતથી |
| ૮. | ઉપસચિવશ્રી | ૦૧ | ૮૫૦૦-૧૪૦૦૦ | |
| ૯. | સેકશન અધિકારી | ૦૩ | ૬૫૦૦-૧૦૫૦૦ | |
| ૧૦. | પી.એ.ગ્રેડ-૧ | ૦૬ | ૬૫૦૦-૧૦૫૦૦ | ફાજલમાંથી/ પ્રતિનિયુકિતથી |
| ૧૧. | પી.એ.ગ્રેડ-૨ | ૦૧ | ૫૫૦૦-૯૦૦૦ | |

3

| | | | | |
|---|---|---|---|---|
| | | | | વિકલ્પે પે માઈનસ પેન્શનની રીતે નિમવાના રહેશે. |
| ૧૨. | નાયબ સેકશન અધિકારી | ૧૨ | ૫૫૦૦-૯૦૦૦ | સચિવાલયમાંથી પ્રતિનિયુક્તિથી |
| ૧૩. | ડ્રાયવર | ૦૨ | ૩૦૫૦-૪૫૯૦ | ફાજલમાંથી પ્રતિનિયુક્તિથી નિમવાના રહેશે. |
| ૧૪. | પટાવાળા | ૦૩ | ૨૫૫૦-૩૨૦૦ | |
| ૧૫. | હમાલ કમ સ્વીપર | ૦૧ | ૨૫૫૦-૩૨૦૦ | |
| | કુલ | ૩૬ | | |

**પોલીસ સ્ટાફની વિગતોઃ-**

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | પગાર ધોરણ રૂા. | જગ્યા ભરવાની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | એડીશનલ ડી.જી.પી. | ૦૧ | ૨૨૪૦૦-૨૪૫૦૦ | પોલીસ ખાતામાંથી પ્રતિનિયુક્તિથી |
| ૨. | ડી.વાય.એસ.પી. | ૦૧ | ૮૦૦૦-૧૩૫૦૦ | |
| ૩ | પોલીસ ઈન્સ્પેકટર | ૦૧ | ૬૫૦૦-૮૦૦૦ | |
| ૪. | પોલીસ સબ ઈન્સ્પેકટર | ૦૩ | ૫૫૦૦-૯૦૦૦ | |
| ૫. | પોલીસ કોન્સ્ટેબલ | ૦૮ | ૨૭૫૦-૪૪૦૦ | |
| | કુલ | ૧૪ | | |

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગની તા.૨૩-૮-૦૬ની નોંધથી તેમજ અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગની તા.૨૪-૮-૦૬ની નોંધથી મળેલ અનુમતીથી બહાર પાડેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.ટી.વાઘેલા)
નાયબ સચિવ(ફરી.),
ગૃહ વિભાગ.

UNDER SECRETARY
The Gujarat State Human Rights Commission
Gandhinagar

પ્રતિ,
૧. ચેરપર્સન, ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૫. અધિક પોલીસ મહાનિદેશકશ્રી, અ.જા/અ.જ.જા./માનવ અધિકાર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૬. એ.જી.રાજકોટ/અમદાવાદ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૭. તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૮. ઉપસચિવશ્રી(કા.ગ)ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. ઉપસચિવશ્રી(બજેટ)ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સીલેકટ ફાઈલ.

**ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ માટે વધારાનું મહેકમ મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એચઆરસી-૧૦૯૯-૧૪૦-ન,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૯-૮-૨૦૦૭

<u>વંચાણમાં લીધા :</u>

(૧) ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંક:એચઆરસી-૧૦૯૯-૧૪૦-ન,તા.૨૫-૦૮-૨૦૦૬.

(૨) ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ,ગાંધીનગરનો તા.૨૨/૧૨/૦૬નો પત્ર ક્રમાંક નં.મહક -૨૦૦૬-મહેકમ અને તા.૨૭-૭-૦૭નો પત્ર ક્રમાંક:એચઆરસી-૨૦૦૬-મહક-મહેકમ.

<u>ઠરાવ:</u>

આમુખમાં દર્શાવેલ ક્રમાંક (૧) આગળ દર્શાવેલ ઠરાવથી ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ કાયદાથી સોંપેલ કામગીરી બજાવી શકે તે હેતુથી વિવિધ જગ્યાઓનું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે.ગુજરાત રાજય માનવ અધિકાર આયોગને માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ,૧૯૯૩ અંતર્ગત ફરજો અને સત્તાઓ બજાવવાની થાય છે અને કાયદાની જોગવાઈ મુજબ આયોગ દિવાની ન્યાયાલય છે એમ ગણાશે તથા ફોજદારી અધિનિયમની કેટલીક કલમો અંતર્ગત આરોપી સામેની ફરીયાદો પણ સાંભળવાની કાર્યવાહી કરવાની રહે છે જેથી આયોગને કાનુની તજજ્ઞોની પણ સેવાઓની અને વિવિધ કાયદાઓના પુસ્તકો માટે રેફરન્સ લાયબ્રેરીની જરૂર પડશે.તેથી આ સમગ્ર કામગીરી પહોંચી વળવા માટે રાજય માનવ અધિકારે આયોગ માટે વધારાનું મહેકમ મંજૂર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.કાળજીપૂર્વકની વિચારણાના અંતે ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ માટે નીચે મુજબની ૨૬ નવી જગ્યાઓ તા.૨૯-૨-૨૦૦૮ સુધીના સમય ગાળા માટે ઉભી કરવાની અને ભરવા માટેની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા. | પગાર ધોરણ. | જગ્યા ભરવાની પધ્ધતિ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૧) | રજીસ્ટ્રાર(કાયદા) વર્ગ-૧ | ૦૧ | રૂા.૧૪૩૦૦-૧૮૩૦૦ | નામ.વડી અદાલતના પરામર્શમાં પ્રતિનિયુક્તિના ધોરણે ઉપલબ્ધ થશે તો તે પ્રમાણે અથવા નિવૃત રજીસ્ટ્રારને કરાર આધારીત અથવા રજીસ્ટ્રારના ભરતી નિયમોને ધ્યાને લઈ જાહેરાત ધ્વારા રાજય માનવ અધિકાર આયોગ ભરતી કરી શકશે. |
| (૨) | કાયદા અધિકારી વર્ગ-૧ | ૦૧ | રૂા.૧૦૦૦૦-૧૫૨૦૦ | નામ.વડી અદાલતનાં કે કાયદા વિભાગનાં કાયદા અધિકારીના ભરતીના નિયમોને અનુરૂપ ભરતી નિયમો રાજય માનવ અધિકાર આયોગ અપનાવીને જાહેરાત ધ્વારા સીધી ભરતીથી. |
| (૩) | સંશોધન અધિકારી કમ આંકડા અધિકારી વર્ગ-૨ | ૦૧ | રૂા. ૬૫૦૦-૧૦૫૦૦ | અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરોની કચેરીમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે ભરતી અથવા આ સંવર્ગ માટે સરકારે નિયત કરેલ ભરતી નિયમો અંતર્ગત જાહેરાતથી રાજય માનવ અધિકાર આયોગ ધ્વારા સીધી ભરતી. |
| (૪) | એકાઉન્ટસ ઓફીસર વર્ગ-૨ | ૦૧ | રૂા. ૬૫૦૦-૧૦૫૦૦ | હિસાબી અને તિજોરી નિયામકશ્રીમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે. |
| (૫) | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧, (વર્ગ-૨) | ૦૪ | રૂા. ૬૫૦૦-૧૦૫૦૦ | સરકારશ્રી ધ્વારા પ્રતિનિયુક્તિના ધોરણે નિયુક્તિ અથવા નિવૃત સ્ટેનોગ્રાફરને વય નિવૃતિ પછી કરારના ધોરણે નિમણૂંક પે માઈનસ પેન્શનનથી સરકારશ્રીની પ્રર્વતમાન નીતિને સુસંગત રહીને અથવા સરકારશ્રીના ભરતી નિયમોને આધિન જાહેરાતથી કરાર આધારીત ફીકસ પગાર રૂા.૮૦૦૦થી ભરતી. |
| (૬) | લાયબ્રેરીયન વર્ગ-૩. | ૦૧ | રૂા. ૫૫૦૦-૯૦૦૦ | સરકારશ્રી ધ્વારા પ્રતિનિયુક્તિના ધોરણે નિયુક્તિ અથવા નિવૃત્ત લાયબ્રેરીયનને કરાર આધારીત ફીકસ પગારથી રાજય આયોગ ધ્વારા નિયુક્તિ અથવા સરકારશ્રીના ભરતી નિયમોને આધિન જાહેરાત ધ્વારા કરાર આધારીત ફીકસ રૂા.૪૫૦૦/-ના પગારથી રાજય માનવ અધિકાર આયોગ ધ્વારા ભરતી. |

| | | | | |
|---|---|---|---|---|
| (૭) | લાયબ્રેરી એટેન્ડન્ટ વર્ગ–૪ | ૦૧ | રૂા. ૨૫૫૦–૩૨૦૦ | જાહેરાત ધ્વારા કરાર આધારીત ફીક્સ પગાર રૂા.૧૫૦૦/–થી રાજ્ય માનવ અધિકાર આયોગ ધ્વારા ભરતી. |
| (૮) | રીસેપ્શનીસ્ટ વર્ગ–૩ | ૦૧ | રૂા. ૩૦૫૦–૪૫૯૦ | જાહેરાત ધ્વારા કરાર આધારીત ફીક્સ પગાર રૂા.૨૫૦૦/–થી રાજ્ય માનવ અધિકાર આયોગ ધ્વારા ભરતી. |
| (૯) | ડેટાએન્ટ્રી ઓપરેટર કમ કલાર્ક વર્ગ–૩ | ૦૩ | રૂા. ૩૦૫૦–૪૫૯૦ | સરકારમાં આ સંવર્ગ માટે ભરતી નિયમો નિયત કરેલ હોય તો તે અપનાવીને જાહેરાત ધ્વારા કરાર આધારીત ફીક્સ પગાર રૂા.૨૫૦૦/–થી રાજ્ય માનવ અધિકાર આયોગ ધ્વારા ભરતી. |
| (૧૦) | ડ્રાયવર વર્ગ–૩ | ૦૪ | રૂા. ૩૦૫૦–૪૫૯૦ | સરકારશ્રી ધ્વારા ફાજલ સેલમાંથી પ્રતિનિયુકિતના ધોરણે નિયુકિતથી અથવા જાહેરાતથી ધ્વારા કરાર આધારીત ફીક્સ પગાર રૂા.૨૫૦૦/–થી રાજ્ય માનવ અધિકાર આયોગ ધ્વારા ભરતી. |
| (૧૧) | પટાવાળા વર્ગ–૪ | ૦૮ | રૂા. ૨૫૫૦–૩૨૦૦ | સરકારશ્રી ધ્વારા ફાજલ સેલમાંથી પ્રતિનિયુકિતના ધોરણે નિયુકિતથી અથવા જાહેરાતથી ધ્વારા કરાર આધારીત ફીક્સ પગાર રૂા.૧૫૦૦/–થી રાજ્ય માનવ અધિકાર આયોગ ધ્વારા ભરતી. |
| | કુલ | ૨૬ | | |

આ જગાઓ નીચેની શરતોને આધીન રહી ભરવાની રહેશે.

(૧) ઉકત જગ્યાઓ કોલમ(૫)માંદર્શાવેલી ભરતી પધ્ધતિ અનુસાર જ ભરતી કરવાની રહેશે.વર્ગ–૩ અને વર્ગ–૪ના સં... ક્રમાંક(૬)થી (૧૧)ઉપરની જે નિમણૂંકો ફીક્સ પગાર આધારે કરવામાં આવે તે માટે નાણા વિભાગના તા.૧૬–૨–૨૦૦૬ ના ... તા.૧–૮–૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃખરચ–૨૦૦૨–૫૭–ઝ૧ના ઠરાવની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) સીધી ભરતીથી ભરવાની થતી જગાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતીના ફાળે આવતી હોવાની શરતે મંજૂરી આપવામાં આ...

(૩) વયનિવૃતિ બાદ કરારના ધોરણે નિમણૂંક કરતી વખતે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫–૫–૦૬ના ઠરાવ ક્રમાંકઃઆરઈએમ–૧૦૨૦૦૨–યુઓઆર–૮૨–ગ૨(ભાગ–૧)ના ઠરાવમાં જણાવેલી જોગવાઈઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૪) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮–૩–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃનપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી તથા તા.૨૭–૯–૨૦૦૬ના પરિપત્ર ક્રમાંકઃનપન–૨૦૦૬ –જીઓઆઈ–૧૦ (પા.ફા.) પી જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર ધ્વારા તા.૧–૪–૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. તથા આ અંગેનો વખતોવખતં બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણૂંક પામેલ ઉમેદવારને લાગુ પડશે.

(૫) આ જગાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુંસાર જળવાય તે આયોગે જોવાનું રહેશે.

(૬) આ જગાઓ ઉપરની ભરતી વખતે જે તે જગાના પ્રર્વતામાન ભરતી નિયમો પણ લક્ષમાં લેવાના રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ ડીમાન્ડ નં.૪૬ બજેટ મુખ્ય સદર–૨૦૭૦–અન્ય વહીવટી સેવાઓ ગૌણ સદર–૧૦૪–વીજીલંન્સ પેટાસદર (૦૨) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ હેઠળ ચાલુ સાલે આયોગને ૨૦૦૭–૨૦૦૮ના વર્ષ માટે આયોગની કામગીરી માટે રૂા.૧૫૦ લાખની એકત્રિત જોગવાઈ કરેલ છે તેમાંથી થનાર બચત માંથી આ જગાઓનો ખર્ચ મેળવવાની શરતે ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા.૪–૮–૨૦૦૭ અને અધિ... સચિવશ્રી નાણાં વિભાગની તા.૪–૮–૨૦૦૭ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.ટી.વાધેલા )
નાયબ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,
૧. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.)સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
૩. અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
૪. સચિવશ્રી,ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ,સેકટર નં.૧૭,ગાંધીનગર.
૫. સચિવશ્રી,કાયદા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
૬. નિયામકશ્રી,હિસાબ અને તિજોરી,વિમા અને લેખા ભવન,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
૭. નિયામકશ્રી,અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર,અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરોની કચેરી,સેકટર નં.૧૮,ગાંધીનગર.
૮. એ.જી.રાજકોટ / એ.જી.અમદાવાદ,
૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.
૧૦.તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર
૧૧.ઉપસચિવશ્રી(બજેટ)ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
...(બજેટ)નાણા વિભાગ સચિવાલય,ગાંધીનગર.૧૩.સીલેકટ ફાઈલ.